## પેજ 3

### રણવીર સિંહ સાથે ઢોસા ખાવા પહોંચી દીપિકા પાદુકોણ



મુંબઈ, તા. બોલિવૂડ કપલ દીપિકા પાદુકોણ અને રણવીર સિંહ તેમના બીજા બાળકના માતા-પિતા બનવાની રાહ જોઈ રહ્યા છે. આ દરમિયાન બંને મુંબઈમાં લંચ ડેટ માટે પહોંચ્યા હતા. મંગળવારે આ કપલ ભારે સુરક્ષા વચ્ચે મુંબઈની એક પ્રખ્યાત રેસ્ટોરન્ટમાં બેને ઢોસા ખાવા પહોંચ્યું હતું. સોશિયલ મીડિયા પર આ આઉટિંગના વીડિયો સામે આવ્યા છે, જેમાં બંને રેસ્ટોરન્ટમાંથી બહાર નીકળતા જોવા મળે છે. વીડિયોમાં દીપિકા પાદુકોણ અને રણવીર સિંહ રેસ્ટોરન્ટમાં જમ્યા બાદ બહાર નીકળતા દેખાઈ રહ્યા છે. બંનેએ આ આઉટિંગને ખૂબ જ સિમ્પલ રાખ્યું હતું અને કેઝ્યુઅલ કપડાં પહેર્યા હતા. દીપિકાએ એક ઢીલો કો-ઓર્ડ સેટ પહેર્યો હતો, જ્યારે રણવીર ટી-શર્ટ અને કાળા પેન્ટમાં જોવા મળ્યો હતો.

### જીતેન્દ્ર પરિવારે પુણેમાં ખરીધો ૬.૫ કરોડનો લક્ઝુરિયસ ફ્લેટ

**૧૪૫** કરોડની કિંમતના આખા બિલ્ડિંગના માલિક છે કપૂર ફેમિલી; નવા ફ્લેટનો ઉપયોગ વીકેન્ડ હોમ તરીકે કરશે



મુંબઈ, તા. ૧૫: અભિનેતા જીતેન્દ્ર અને તેમના પરિવારે (જેમાં એકતા કપૂર અને તુષાર કપૂર સામેલ છે) તેમના રિયલ એસ્ટેટ પોર્ટફોલિયોમાં એક નવું સરનામું ઉમેર્યું છે. આ પરિવાર હવે પૂણેના કિવાલેમાં આશરે ૬.૫ કરોડ રૂપિયાના એક વૈભવી ફ્લેટનો માલિક બન્યો છે. 23મા માળ પર આવેલો આ આખો ફ્લેટ એક જ ઘર ધરાવે છે, જેથી ત્યાં સંપૂર્ણ પ્રાઇવસી મળે છે. રસપ્રદ વાત એ છે કે, આ આખા બિલ્ડિંગનો માલિક આ પરિવાર છે, જેની અંદાજિત કિંમત આશરે ૧૪૫ કરોડ રૂપિયા છે. આ ફ્લેટ ખાનગી લિફ્ટ લોબી અને ચાર સમર્પિત પાર્કિંગ સ્પેસ સાથે આવે છે. કપૂર પરિવાર તેમના મુંબઈના ઘરે જ રહેવાનું ચાલુ રાખશે, જ્યારે પુણેની આ પ્રોપર્ટી સપ્તાહાંતની રજાઓ ગાળવાના સ્થળ તરીકે ઉપયોગમાં લેવાશે.

### સમય રૈના સાથે દેખાઈ 'મિસ્ટ્રી ગર્લ'



મુંબઈ, તા. 15 :કોમેડિયન સમય રૈનાનો મંગળવારે એક વીડિયો સામે આવ્યો છે, જેમાં તે એક મિસ્ટ્રી ગર્લનો હાથ પકડીને ભીડમાંથી બહાર કાઢતો જોવા મળી રહ્યો છે. જોકે, હજી સુધી એ જાણી શકાયું નથી કે તેની સાથે રહેલી યુવતી કોણ છે? અત્રે ઉલ્લેખનીય છે કે, તાજેતરમાં જ સમય રૈના અને ફિલ્મ '12મી ફેલ' ની એક્ટ્રેસ મેધા શંકર વચ્ચે ડેટિંગની અફવાઓ ચર્ચામાં હતી. હવે સામે આવેલા નવા વીડિયો બાદ એકવાર ફરી તેની અંગત જિંદગીને લઈને સોશિયલ મીડિયા પર ચર્ચાઓ તેજ થઈ ગઈ છે. 'ઇન્ડિયાઝ ગોટ લેટેન્ટ' સીઝન 2ના શૂટિંગ પછી સમય રૈના બહાર નીકળતો જોવા મળે છે. આ દરમિયાન ત્યાં પેપરાઝી અને ફેન્સની ભીડ હાજર હતી.

### 'લવ જેહાદ'ના આરોપો પર આમિર ખાન: "ગૌરી સ્પ્રેટ હિન્દુ નથી, ખ્રિસ્તી છે

મુંબઈ, તા. ૧૫: આમિર ખાને તાજેતરમાં ત્રીજી વખત લગ્ન કર્યા છે, જેના કારણે સોશિયલ મીડિયા પર વ્યાપક ચર્ચા શરૂ થઈ ગઈ છે. કેટલાક લોકોએ અભિનેતા પર 'લવ જેહાદ'ને પ્રોત્સાહન આપવાનો આરોપ લગાવ્યો છે. કારણ કે, તેઓ દાવો કરી રહ્યા હતા કે તેમની ત્રણેય પત્નીઓ હિન્દુ હતી. આ વિવાદ પર મૌન તોડતાં આમિરે સ્પષ્ટતા કરી છે કે, તેમની પત્ની ગૌરી સ્પ્રેટ હિન્દુ નથી, પરંતુ ખ્રિસ્તી છે અને તેમની કોઈપણ પત્નીએ ક્યારેય પોતાનો ધર્મ બદલ્યો નથી. એક ઇન્ટરવ્યુમાં આમિરે પોતાને 'લવ જેહાદના બ્રાન્ડ એમ્બેસેડર' તરીકે ઓળખાવવામાં આવવા પર પ્રતિક્રિયા આપી હતી.

# ક્યુબામાં ફરી ઘોર અંધારપટ

**બે** અઠવાડિયામાં ત્રીજી વખત આખો દેશ વીજળી વિના ઠપ્પ

**અમેરિકાના** પ્રતિબંધો અને ઈંધણની અછત વચ્ચે નેશનલ ગ્રીડ ફેલ

હવાના, તા. ૧૫ (એપી) સત્તાવાર અહેવાલો અનુસાર, ક્યુબામાં નેશનલ ઈલેક્ટ્રિક સિસ્ટમ (એસઈએન) ખોરવાઈ જતાં ફરી એકવાર બ્લેકઆઉટ થયો છે, જેના કારણે સમગ્ર દેશમાં વીજળી ગુલ થઈ ગઈ છે. મંગળવારે થયેલો આ બ્લેકઆઉટ છેલ્લા બે અઠવાડિયાંમાં ત્રીજી એવી ઘટના છે, કારણ કે અમેરિકાના ઓઈલ પ્રતિબંધો ટાપુ દેશની વીજ ગ્રીડ પર દબાણ વધારી રહ્યા છે. જાન્યુઆરી મહિનાથી જ ક્યુબામાં ઈંધણ ખૂટી રહ્યું છે, જ્યારે યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે આ ટાપુ દેશને તેલ વેચનારા કે પૂરું પાડનારા કોઈપણ દેશ પર ટેરિફ લગાવવાની ધમકી આપી હતી, જેના કારણે આ દેશની ચાલુ આર્થિક અને નાણાકીય કટોકટી વધુ ઘેરી બની છે. પબ્લિક ટ્રાન્સપોર્ટ મોટા ભાગે બંધ થઈ ગયો છે અને અધિકારીઓએ હજારો સર્જરીઓ રદ કરવી પડી છે.

ક્યુબા તેની જરૂરિયાતના માત્ર ૪૦ ટકા ઈંધણનું જ ઉત્પાદન કરે છે. ઈંધણની આયાત માટેનો કોઈ ઉકેલ હજુ સુધી દેખાતો નથી. રાજ્યની માલિકીની ઈલેક્ટ્રિક યુનિયને જણાવ્યું હતું કે, પૂર્વીય પ્રાંત હોલ્ગિનમાં એક જનરેટિંગ યુનિટની સમસ્યાને કારણે અચાનક ફ્રીક્વન્સી બદલાઈ ગઈ, જેના પરિણામે બપોરના સમયે એસઈએન બ્લેકઆઉટ થયો હતો.



**નાઇસ આતંકી હુમલાની ૧૦મી વરસીએ ફ્રાન્સના આકાશમાં ૮૬ પ્રકાશકિરણો રેલાવી શહીદોને અપાઈ શ્રદ્ધાંજલિ**

ફ્રાન્સના નાઇસ શહેરમાં વર્ષ ૨૦૧૬માં થયેલા ભયાનક આતંકવાદી ટ્રક હુમલાની ૧૦મી વરસી નિમિત્તે હજારો લોકો એકઠા થયા હતા. આ દર્દનાક હુમલામાં જીવ ગુમાવનારા ૮૬ નિર્દોષ લોકોની યાદમાં આકાશમાં ૮૬ તેજસ્વી પ્રકાશકિરણો છોડવામાં આવ્યા હતા.

# બ્રિટનમાં કિશોરો માટે સોશિયલ મીડિયા પર મધ્યરાત્રિનો કર્ફ્યુ લાદવાની તૈયારી

**રાત્રે** 12થી સવારે 6 વાગ્યા સુધી કિશોરોના સોશિયલ મીડિયા વપરાશ પર લાગશે બ્રેક

**પ્રયોગમાં** જાણવા મળ્યું કે આ કર્ફ્યુથી બાળકોની ઊંઘ અને એકાગ્રતામાં ઘણો સુધારો થયો

લંડન, તા. 15 (પીટીઆઈ): બ્રિટિશ સરકારે બુધવારે 16 અને 17 વર્ષના કિશોરો માટે સોશિયલ મીડિયાના વપરાશ પર અડધી રાત્રે કર્ફ્યુ લાદવાની યોજના જાહેર કરી છે, જેથી તેમને ઓનલાઈન પ્લેટફોર્મ્સની વ્યસનકારક અસરોથી બચાવી શકાય. આ પ્રતિબંધો હેઠળ 'ઓપ્ટ-આઉટ' (બંધ કરવાનો) વિકલ્પ પણ મળશે. આ જાહેરાત ગયા મહિને 16 વર્ષથી ઓછી ઉંમરના બાળકો માટે સોશિયલ મીડિયા પર સંપૂર્ણ પ્રતિબંધ મૂક્યા બાદ આવી છે, જે 2027ની શરૂઆત સુધીમાં લાગુ થવાની છે.

નવા નિયમો અનુસાર, 16 અને 17 વર્ષના કિશોરો માટે લાઈવસ્ટ્રીમિંગ અને અજાણ્યા લોકો સાથે વાતચીત જેવી સુવિધાઓ બાય ડિફોલ્ટ (પહેલેથી જ) બંધ રહેશે, તેમજ અવિરત સ્ક્રોલિંગને રોકવા માટે ફરજિયાત બ્રેકની સિસ્ટમ પણ લાવવામાં આવશે.

બ્રિટિશ વડા પ્રધાન કીર સ્ટાર્મરે જણાવ્યું કે ટેક જાયન્ટ્સ બાળકોને સુરક્ષિત રાખવામાં નિષ્ફળ રહ્યા છે, તેથી બાળકોનું બાળપણ પાછું આપવા અને વાલીઓને મદદ કરવા માટે આ પગલું લેવાયું છે. સરકારે સ્પષ્ટ કર્યું છે કે જાતીય સંબંધો કે રોલપ્લેનું અનુકરણ કરતા AI 'રોમેન્ટિક કમ્પેનિયન' ચેટબોટ્સ માટે લઘુત્તમ વયમર્યાદા 18 વર્ષ રાખવી પડશે. પ્રસ્તાવ મુજબ, ડિફોલ્ટ સેટિંગ્સ દ્વારા 16 અને 17 વર્ષના બાળકો મધ્યરાત્રિથી સવારે 6 વાગ્યા સુધી સોશિયલ મીડિયાનો ઉપયોગ કરી શકશે નહીં. જો કે, વિપક્ષી નેતા લૌરા ટ્રોટે આ 'ઓપ્ટ-આઉટ' વિકલ્પની ટીકા કરતા કહ્યું કે કિશોરો પોતે જ આ સેટિંગ બંધ કરી શકે છે, તેથી આનો કોઈ અર્થ નથી. પરંતુ સરકારના મતે, 300થી વધુ લોકો પર કરાયેલા પ્રયોગમાં જાણવા મળ્યું છે કે આ કર્ફ્યુથી બાળકોની ઊંઘ અને એકાગ્રતામાં ઘણો સુધારો થયો છે.

# બીજા ક્વાર્ટરમાં ચીનનો આર્થિક વિકાસ દર ઘટીને 4.3 ટકા

**અમેરિકા-ઈરાન** યુદ્ધ અને મોંઘા ઇંધણથી ચીનના અર્થતંત્રને મોટો ઝટકો

**વિકાસ** દર વર્ષ 2022 પછીની સૌથી નીચલી સપાટીએ પહોંચ્યો

બીજિંગ, તા. 15 (પીટીઆઈ): ચાલુ નાણાકીય વર્ષના બીજા ક્વાર્ટરમાં ચીનનો આર્થિક વિકાસ દર તીવ્રતાથી ઘટીને 4.3 ટકા નોંધાયો છે, જે વર્ષ 2022 પછીનું સૌથી નીચું સ્તર છે.

અમેરિકા-ઈરાન યુદ્ધના કારણે વધેલા ઉર્જા ખર્ચ અને નબળી સ્થાનિક માગને પગલે આ ઘટાડો નોંધાયો છે. નેશનલ બ્યુરો ઓફ સ્ટેટિસ્ટિક્સ (NBS)ના જણાવ્યા મુજબ, વર્ષ 2026ના પ્રથમ અર્ધવાર્ષિક ગાળામાં ચીનનો જીડીપી વાર્ષિક ધોરણે 4.7 ટકાના દરે વધ્યો છે, જે આશરે 69.57 ટ્રિલિયન યુઆન (અંદાજે 10.25 ટ્રિલિયન ડોલર) થાય છે. જોકે, એપ્રિલ-જૂનના બીજા ક્વાર્ટરમાં આ દર ઘટીને 4.3 ટકા થયો છે, જે અગાઉના ક્વાર્ટરના 5 ટકા કરતાં ઓછો છે અને ચીનના વાર્ષિક લક્ષ્યાંકથી પણ નીચે છે.

બીજી તરફ, જૂન મહિનામાં ચીનની નિકાસમાં વાર્ષિક ધોરણે 27 ટકાનો મોટો ઉછાળો આવ્યો છે. સેમિકન્ડક્ટર અને ઈલેક્ટ્રિક વાહનોની વૈશ્વિક માગને કારણે આ નિકાસ વધી છે, જેમાં કારની માસિક નિકાસ ઈતિહાસમાં પ્રથમ વખત 10 લાખને વટાવી ગઈ છે. જોકે, રિયલ એસ્ટેટ માર્કેટમાં મંદી યથાવત છે અને પ્રથમ અર્ધવાર્ષિક ગાળામાં પ્રોપર્ટી ઈન્વેસ્ટમેન્ટમાં 18 ટકાનો ઘટાડો નોંધાયો છે. આ સિવાય, શહેરી બેરોજગારી દર 5 ટકા રહ્યો છે, જ્યારે બિનસત્તાવાર આંકડા મુજબ 16-24 વર્ષના યુવાનોમાં બેરોજગારી 15 ટકાથી વધુ છે.

વૈશ્વિક પડકારો વચ્ચે, સરકારે પોતાનો વાર્ષિક વિકાસ લક્ષ્યાંક ઘટાડીને 4.5થી 5 ટકાની રેન્જમાં રાખ્યો છે, જે વર્ષ 1991 પછીનો સૌથી ઓછો છે.

# મણિપુરમાં ફરી હિંસા: ટોળાનો આસામ રાઇફલ્સના કેમ્પ પર હુમલો

**ઉશ્કેરાયેલી** ભીડે પથ્થરમારો કરી સુરક્ષા દળોનાં 3 વાહનો ફૂંકી માર્યા

**અડધી** રાત્રે ટીયર ગેસ છોડી સ્થિતિ કાબૂમાં લેવાઈ



સેનાપતિ/ઇમ્ફાલ, તા. 15 (પીટીઆઈ): મણિપુરના સેનાપતિ જિલ્લામાં એક વિસ્તારમાં સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યાના કલાકો બાદ એક ટોળાએ આસામ રાઇફલ્સના કેમ્પ પર હુમલો કર્યો હતો, પથ્થરમારો કર્યો અને પરિસરની બહાર સુરક્ષાકર્મીઓનાં ત્રણ વાહનોને આગ ચાંપી દીધી હતી. એમ અધિકારીઓએ બુધવારે જણાવ્યું હતું. આ હિંસા મંગળવારે રાત્રે 9.30 વાગ્યે અર્ધલશ્કરી દળના જિલ્લા મથક કેમ્પમાં થઈ હતી જ્યારે ટોળાએ તેના પર હુમલો કર્યો હતો.

એક અધિકારીએ જણાવ્યું હતું કે, સુરક્ષા દળોએ આંસુ ગેસના શેલ છોડ્યા અને અડધી રાત સુધીમાં ભીડને વિખેરી નાખ્યા બાદ પરિસ્થિતિ કાબૂમાં લેવામાં આવી હતી. આ ઘટનામાં કોઈ જાનહાનિના અહેવાલ નથી. સેનાપતિ જિલ્લામાં પરિસ્થિતિ હવે શાંતિપૂર્ણ અને નિયંત્રણ હેઠળ છે.

એક સંરક્ષણ નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે, ઓકલોંગ ખાતેના નિર્ધારિત એનએસસીએન (આઈએમ) કેમ્પથી પશ્ચિમમાં આશરે 2 કિમી દૂર માકુઇલોંગડીના સામાન્ય વિસ્તારમાં સશસ્ત્ર કેડરોની હાજરી અંગેની વિશ્વસનીય ગુપ્ત માહિતીના આધારે આસામ રાઇફલ્સ દ્વારા એરિયા ડોમિનેશન પેટ્રોલિંગ અને સર્ચ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું હતું.

અન્ય એક અધિકારીએ જણાવ્યું હતું કે, "ગુપ્ત માહિતી અને સોશિયલ મીડિયા પોસ્ટ્સથી સંકેત મળ્યા હતા કે સશસ્ત્ર કેડરો નિર્ધારિત કેમ્પની બહાર હથિયારો સાથે અને ગણવેશ પહેરીને ફરી રહ્યા છે, જે સ્થાપિત યુદ્ધવિરામના પાયાના નિયમોનું સ્પષ્ટ ઉલ્લંઘન છે." અહેવાલ કરાયેલા ઉલ્લંઘનોની સત્તાવાર જાણ યુદ્ધવિરામ મોનિટરિંગ જૂથને કરવામાં આવી હતી.

ઓપરેશન દરમિયાન, જ્યારે આસામ રાઇફલ્સની ટુકડીઓ માકુઇલોંગડી અને ઓકલોંગ ગામો તરફ આગળ વધી ત્યારે મહિલાઓ સહિત સ્થાનિક રહેવાસીઓએ તેમને અવરોધ્યા હતા.

# ગડકરી: 'જોઈએ છે 100% પ્યોર પેટ્રોલ? તો ખિસ્સું વધુ ખાલી કરવું પડશે!'

**કેન્દ્રીય** મંત્રીએ E-10 પેટ્રોલ પાછું લાવવાની શક્યતા નકારી



નવી દિલ્હી, તા. 15 એથેનોલ મિક્સ પેટ્રોલ (ઈ-20)ને લઈને આ સમયે દેશમાં ભારે વિવાદ ચાલી રહ્યો છે. ઘણા લોકો ફરિયાદ કરી રહ્યા છે કે, ઈ-20 પેટ્રોલથી તેમની ગાડીની માઈલેજ ઓછી થઈ ગઈ છે અને એન્જિનને નુકસાન થઈ રહ્યું છે. બીજી તરફ, સરકારનું કહેવું છે કે આ વાહનો માટે સંપૂર્ણપણે સુરક્ષિત છે. કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીનું કહેવું છે કે, જેમને એથેનોલ મિક્સ પેટ્રોલ નથી જોઈતું, તેઓ 100% પ્યોર (શુદ્ધ) પેટ્રોલ ખરીદી શકે છે. બસ પ્યોર પેટ્રોલ ખરીદવા માટે ખિસ્સું વધારે ખાલી કરવું પડશે.

એવું એટલા માટે છે કારણ કે તેની કિંમત ઈ-20 પેટ્રોલની સરખામણીમાં ઘણી વધારે છે. એક અહેવાલ અનુસાર, નીતિન ગડકરીએ કહ્યું છે કે, એથેનોલ ભેળવ્યા વિનાનું પેટ્રોલ પણ ખરીદી શકાય છે. જ્યારે ગડકરીને પૂછવામાં આવ્યું કે શું લોકોની ચિંતા દૂર કરવા માટે પંપો પર ઓછું એથેનોલ મિક્સ એટલે કે ઈ-10 પેટ્રોલ પાછું આવી શકે છે,

તો મંત્રીએ કહ્યું કે એવું ભાગ્યે જ બને. ગડકરીએ કહ્યું કે, "જ્યારે આપણે 20% એથેનોલ મિક્સિંગનો ટાર્ગેટ પૂરો કરી ચૂક્યા છીએ અને દેશના ખૂણે-ખૂણામાં ઈ-20 પેટ્રોલ મળી રહ્યું છે, તો પાછળ હટવું શક્ય નથી." જોકે, અલગ-અલગ મિક્સિંગવાળા પેટ્રોલના વિકલ્પ પર તેમણે કહ્યું કે આ નિર્ણય પેટ્રોલિયમ મંત્રાલયે લેવાનો છે.

## પરિવાર પર EDના સકંજા વચ્ચે મદન મિત્રા બળવાખોર જૂથમાં



**મમતા** કેમ્પને મોટો ફટકો! ચીફ વ્હીપ પદેથી રાજીનામું આપતાં ટીએમસી ધારાસભ્ય બોલ્યા- "મેં માત્ર રૂમ બદલ્યો છે, ઘર નહીં."

કોલકાતા, તા. 15 (પીટીઆઈ): ભ્રષ્ટાચાર સાથે જોડાયેલા એક કેસમાં કેન્દ્રીય એજન્સી એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) દ્વારા તેમની પત્ની અને બે પુત્રોને પૂછપરછ માટે સમન્સ પાઠવ્યાના એક દિવસ બાદ, તૃણમૂલ કોંગ્રેસના ધારાસભ્ય મદન મિત્રાએ બુધવારે મમતા બેનર્જીના જૂથનો સાથ છોડીને રીતાબ્રત બેનર્જીની આગેવાની હેઠળના બળવાખોર જૂથમાં પોતાની વફાદારી બદલી હતી. તેમણે કહ્યું કે તેમણે "વિધાનસભામાં માત્ર પોતાનો રૂમ બદલ્યો છે".

મિત્રા બુધવારે વિરોધ પક્ષના નેતા રીતાબ્રત બેનર્જીની આગેવાની હેઠળના બળવાખોર જૂથમાં જોડાયા હતા. આ પગલાથી પશ્ચિમ બંગાળના પૂર્વ મુખ્યમંત્રી મમતા બેનર્જીના જૂથને વધુ એક મોટો રાજકીય ફટકો પડ્યો છે. જોકે, ધારાસભ્યએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, તેમણે પક્ષ છોડ્યો નથી.

મમતા બેનર્જીના સૌથી જૂના રાજકીય સાથીઓમાંથી એક અને ટીએમસીના પીઢ ધારાસભ્ય મદન મિત્રાએ જાહેરાત કરી હતી કે તેઓ 'કાલીઘાટ ટીએમસી જૂથ' હેઠળ કાર્યરત તમામ રાષ્ટ્રીય અને રાજ્ય સંગઠનાત્મક સમિતિઓમાંથી રાજીનામું આપી રહ્યા છે. આ ઉપરાંત તેઓ પશ્ચિમ બંગાળ વિધાનસભામાં પક્ષના મુખ્ય દંડક પદેથી પણ તાત્કાલિક અસરથી રાજીનામું આપી રહ્યા છે.

વિધાનસભામાં રીતાબ્રત બેનર્જીની ચેમ્બરમાં તેમને મળ્યા બાદ મિત્રાએ પત્રકારોને જણાવ્યું હતું કે:

"મેં માત્ર મારો રૂમ બદલ્યો છે, મારું ઘર નહીં. હું ટીએમસીમાં જ છું." મિત્રાએ કહ્યું, "હું કાલીઘાટ ટીએમસીની તમામ રાષ્ટ્રીય અને રાજ્ય સમિતિઓમાંથી રાજીનામું આપી રહ્યો છું. હું ચીફ વ્હીપ પદેથી પણ રાજીનામું આપી રહ્યો છું. હું તૃણમૂલમાં હતો અને તૃણમૂલમાં જ રહીશ."

# FBIની 'મોસ્ટ વોન્ટેડ' યાદીમાં ભારતીય ગેંગસ્ટર નીતીશ કૌશલ સામેલ

**પંજાબની** કુખ્યાત ભગવાનપુરિયા ગેંગ વતી અમેરિકામાં હત્યા, અપહરણ અને ડ્રગ્સની હેરાફેરી આચરવાનો ગંભીર આરોપ

વોશિંગ્ટન, તા. ૧૫ (PTI): અમેરિકામાં કથિત રીતે હત્યા, અપહરણ અને ડ્રગ્સની હેરાફેરીમાં સંડોવાયેલા ગેંગસ્ટર નીતીશ કૌશલને એફબીઆઈએ તેની મોસ્ટ વોન્ટેડ ગુનેગારોની યાદીમાં સામેલ કર્યો છે. તપાસ એજન્સી ભગવાનપુરિયા ગેંગ પર પોતાનો સકંજો કસી રહી છે.

ભારતીય નાગરિક એવા કૌશલે ભગવાનપુરિયા સંગઠિત અપરાધ જૂથ વતી કથિત રીતે હિંસક કૃત્યો આચર્યા હતા, જેમાં અપહરણ અને હુમલાનો પણ સમાવેશ થાય છે પરંતુ તે માત્ર આટલા પૂરતો મર્યાદિત નથી, તેમ એફબીઆઈએ મંગળવારે જણાવ્યું હતું.

એફબીઆઈએ કહ્યું, "નીતીશ કૌશલ એક આંતરરાષ્ટ્રીય ગુનાહિત સંગઠનમાં તેની કથિત સંડોવણી બદલ એફબીઆઈ દ્વારા વોન્ટેડ છે, જે સંગઠન અન્ય બાબતોની સાથે સાથે હત્યા, અપહરણ, ડ્રગ્સની હેરાફેરી, ખંડણી, હથિયારોની હેરાફેરી, મની લોન્ડરિંગ અને માનવ તસ્કરી જેવા ગુનાહિત કૃત્યોમાં સામેલ છે." એફબીઆઈએ જણાવ્યું હતું કે, કૌશલ સશસ્ત્ર અને ખતરનાક હોવાનું તેમ જ તેનું ભાગી જવાનું જોખમ પણ છે.

તપાસ એજન્સીએ લોકોને અપીલ કરી છે કે, કૌશલ વિશે કોઈપણ માહિતી હોય તો સ્થાનિક એફબીઆઈ ઓફિસ, અમેરિકન એમ્બેસી અથવા કોન્સ્યુલેટનો સંપર્ક કરે.

એજન્સીએ જણાવ્યું હતું કે જગ્ગુ ભગવાનપુરિયા ઓર્ગેનાઈઝ્ડ ક્રાઈમ ગ્રુપ ભારતના પંજાબ રાજ્યમાંથી શરૂ થયું હતું અને તે કેલિફોર્નિયાના સેન્ટ્રલ ડિસ્ટ્રિક્ટ અને અન્ય સ્થળોએ સક્રિય હતું.

એફબીઆઈએ જણાવ્યું હતું કે, કેલિફોર્નિયાના સેન્ટ્રલ ડિસ્ટ્રિક્ટની યુએસ ડિસ્ટ્રિક્ટ કોર્ટ, લોસ એન્જલસે કૌશલ સામે રેકેટિયર પ્રભાવિત અને ભ્રષ્ટ સંગઠનોના ષડયંત્ર (આરઆઈસીઓ કાવતરા) નો આરોપ મૂક્યા બાદ ૨૫ જૂનના રોજ તેની સામે ફેડરલ ધરપકડ વોરંટ જાહેર કર્યું હતું.